**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૦/૦૬/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૫૯/૧૮**

**ક્રાઇમબ્રાન્ચ :**

ફેસબુક સોસીયલ મીડીયા માંના “અપના અડ્ડા” નામના ગૃપના માધ્યમથી કોમેન્ટ્સ કરી ગઢવી સમાજ તથા અન્ય સમાજના પુજનીય મોગલ માતાજીના ભક્તોની લાગણી દુભાવનાર વ્યક્તિને શોધી ધરપકડ કરતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ.

ફરીયાદી શ્રી જયમીનસિંહ જશવંતસિંહ ગઢવી, ઘાટલોડીયા, અમદાવાદ શહેર વાળાએ, ફેસબુક ઉપર “અપના અડ્ડા” નામના ગૃપમાં મનિશ મંજુલાબેન ભારતીય, રાહુલ રાવન તથા સદ્દામ મલીક નામના ફેસબુક પ્રોફાઇલ વાળી વ્યક્તિઓ દ્વારા ગઢવી સમાજના પુજનીય મોગલ માતાજી વિષે અતિષય અને અભદ્ર અશ્લિલ શબ્દો દ્વારા કોમેન્ટ કરેલ હોય તથા “અપના અડ્ડા” નામના સોશ્યલ ગ્રુપના અન્ય સભ્યો દ્વારા પણ પુજનીય મોગલ માતાજી વિષે વારંવાર નીમ્ન કોટીની કોમેન્ટ કરી સમગ્ર ગઢવી સમાજ તથા મોગલ માતાજીના ભક્તોની લાગણી દુભાય તેવી કોમેન્ટ કરી મોગલ માતાજીના ભક્તોની લાગણી દુભાય તેવુ કૃત્ય કરવામાં આવેલ હોવા અંગે ફરીયાદ આપતા ગુનો નોંધાયેલ છે.

ઉપરોક્ત ગુનાની તપાસ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ તેઓની સુચના મુજબ પોલીસ ઈન્સપેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ હાથ ધરેલ. ગુનાની તપાસ દરમ્યાન ફેસબુક ઉપર અપના અડ્ડા નામના ગૃપના સભ્યો પૈકી “રાહુલ રાવન” નામની ફેસબુક આઇ.ડી. ધરાવનાર ઇસમે ગઢવી સમાજ તથા અન્ય સમાજના પુજનીય મોગલ માતાજીના ભક્તોની લાગણી દુભાય તેવી કોમેન્ટ્સ કરેલ હોવાનુ સ્પષ્ટ જણાઇ આવતા “રાહુલ રાવન” નામની ફેસબુક આઇ.ડી. ધરાવનાર ઇસમ નામે રાહુલ ઉર્ફે રાહુલ રાવણ સ/ઓ અશ્વિનભાઇ અમીનની તપાસ કરતા મળી આવતા સદર ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલ છે. તેમજ આ ગુનો આચરવા સદર ઇસમ દ્વારા ઉપયોગમાં લેવાયેલ મોબાઇલ ફોન તપાસ અર્થે કબ્જે કરી આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સદર તપાસમાં સાયબર સેલની મદદથી ફેસબુક ઉપરથી ટેકનીકલ એનાલીસીસ કરી શોધી કાઢવામાં આવેલ છે. તેમજ ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ તમામ આરોપીઓની તથા સંડોવાયેલ અન્ય વ્યક્તિઓની તપાસ ઈલેક્ટ્રોનીક માધ્યમથી કરી શોધી કાઢવાની કાર્યવાહી ચાલુ છે.

ધરપકડ કરાયેલ આરોપી રાહુલ ઉર્ફે રાહુલ રાવણ સ/ઓ અશ્વિનભાઇ અમીનની પુછપરછ કરતા ફેસબુક ઉપર અપના અડ્ડા નામના ગૃપમાં છેલ્લા ત્રણ વર્ષથી ગૃપ મેમ્બર તરીકે જોડાયેલ હતો અને “અપના અડ્ડા” નામના ગૃપમાં મોગલ માતા બાબતે ગૃપના સભ્યો દ્વારા કોમેન્ટ પોસ્ટ કરવામાં આવતા. તે કોમેન્ટ અનુસંધાને પોતે પણ મોગલ માતાજી બાબતે કોમેન્ટ પોસ્ટ કરેલ. આ ગૃપના સભ્યો માત્ર ફેસબુક ફ્રેન્ડ હોવાનું જણાવે છે.

**<u>પાલડી વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીના ગુનાનો ૮ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ૨ આરોપીઓની ધરપકડ કરી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ</u>**

અમદાવાદ શહેરમાં પાલડી વિસ્તારમાં આવેલ રંગવર્ષા સોસાયટી ખાતે રહેતા હિતેશભાઇ શાહ નાઓ પોતાના કુટુંબ સાથે તા.૧/૬/૧૮ ના રોજ વિદેશ પ્રવાસે ગયેલ હતા દરમ્યાન ગઇ તા.૧૩/૬/૧૮ ના રાતના સમયે ઘરફોડ ચોરીનો બનાવ બનેલ અને તેઓના મકાનમાંથી ૧૫ લાખની મત્તાની ચોરી થયેલ હોવાની ફરીયાદ પાલડી પો.સ્ટે. ખાતે દાખલ થયેલ હતી. બનેલ બનાવની ગંભીરતા ધ્યાને લઇને આ ગુનો શોધી કાઢવા સારૂ શ્રી જે.કે. ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ, નાઓની સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી, ડો.રાજદીપસિંહ ઝાલા, અધિક નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગદર્શન આધારે અત્રેની શાખાના પો.ઈ.શ્રી જે.એન.ચાવડા નાઓની ટીમના પો.સ.ઈ.શ્રી આર.પી.ડોડીયા તથા સ્ટાફના માણસોએ આ મકાનની આજુ બાજુમાં આવેલ સી.સી.ટી.વી.ફુટેજ ચેક કરતા આ ગુનો કરવા સારૂ મકાનમાં પ્રવેશ કરતા તેમજ ચોરી કરીને થેલાઓ લઇને બહાર નિકળતા ૩ ઇસમો દેખાયેલ જેથી આરોપીઓ જે રસ્તે ગયેલા તે રૂટના સી.સી.ટી.વી.ફુટેજ ચેક કરતા આરોપીઓ સ્પષ્ટ થયેલા જેથી આ આરોપીઓ બાબતે તપાસ કરતા મળેલ ચોક્કસ બાતમી આધારે આરોપીઓ (૧) મુકેશ ગોતાજી પટેલ (મારવાડી) ઉ.વ. ૨૨ રહે. હાલ. અર્હમ બંગલો નં. ૪૮ વસંતકુંજ સોસાયટી સુખીપુરા રોડ પાલડી અમદાવાદ મુળ ગામ જલારા તા.સલુંબર જી.ઉદેપુર રાજસ્થાન તથા (૨) જેતાજી લવજી પટેલ (મારવાડી) ઉ.વ. ૩૫ રહે. હાલ. એ/૫ શક્તિનગર સોસાયટી ગુપ્તાનગર વાસણા અમદાવાદ મુળ ગામ પાચરા થાના-જલારા તા.સલુંબર જી.ઉદેપુર રાજસ્થાન નાઓ તેઓના કબ્જાની (૧) ચાંદીના નકશીવાળા એન્ટીક મુખવાસ બોકસ નંગ-૩ (૨) ચાંદીની થાળી નંગ-૩ (૩) ચાંદીની લંબગોળ ટ્રે નંગ-૧ (૪) ચાંદીની પ્લેટ નંગ-૧ રૂ.૫૦૦ના છાપવાળી (૫) ચાંદીની પ્લેટ નંગ-૧ રૂ.૧૦૦ ના છાપવાળી (૬) ચાંદીના નાના મોટા નાળિયેર નંગ-૬ (૭) ચાંદીનુ સામૈયુ (૮) ચાંદીનુ એન્ટીક નાળિયેર નંગ-૧ (૯) ચાંદીની આઈસ્ક્રીમ પ્યાલી નંગ-૬ (૧૦) ચાંદીની એન્ટીક કટોરી નંગ-૧૩ (૧૧) ચાંદીના નાના મોટા ગ્લાસ નંગ-૩૭ (૧૨) ચાંદીની એન્ટીક કંકાવટી નંગ-૩ (૧૩) ચાંદીના નાના મોટા સિક્કા નંગ. ૧૨૭ (૧૪) ચાંદીના વાટકા નંગ-૩ (૧૫) ચાંદીના સિક્કા પ્લાસ્ટીક ના સ્ટીકર સાથે નંગ-૧૪ (૧૬) ચાંદીના લોટા નંગ-૩ (૧૭) ચાંદીની પુજાની સામગ્રી (૧૮) ચાંદીની ચમચી નંગ-૧૬ (૧૯) ચાંદીની એન્ટીક ડબ્બી નંગ.૪ (૨૦) ચાંદીના ગુલાબ ફુલ નંગ-૨ , પંખો-૧, અરીસો-૧, (૨૧) ચાંદીના દાગીના જેમા ઝુડા,પગની માછલી, કડુ, પાયલ વિગેરે (૨૨) પિત્તળ જેવી ધાતુની વાટકી નંગ-૩ , (૨૩) સફેદ ધાતુની એન્ટીક કંકાવટી નંગ-૧ (૨૪) સોનાનો હાથનો પંજો નંગ-૧ (૨૫) નાની બુટ્ટી નંગ-૨ (૨૬) મોટી બુટ્ટીની જોડી-૧ (૨૭) ડાયમંડ જડીત પેન્ડલ નંગ-૧ (૨૮) સાંકળી ભાતની ચેઈન નંગ-૧ (૨૯) જુદાજુદા દરની ચલણી નોટો મળી કુલ્લે રૂ. ૧૯,૪૫૬/- ની રોકડ રકમ જે ઉપરોકત તમામ ચાંદીના વાસણો, દાગીનાઓ તથા સોનાના દાગીનાઓની કુલ્લે કિ.રૂ.૮,૧૭,૦૦૦/- તથા રોકડ મળી <u>કુલ્લે રૂ. ૮,૩૬,૪૫૬/-</u> નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ અને બંન્ને આરોપીઓને સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ.

બન્ને આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા આરોપીઓએ ગઇ તા.૧૩/૬/૨૦૧૮ ના રાતના સમયે પાલડી વિસ્તારમાં ઉપરોકત બંધ મકાનમાંથી ચોરી કર્યાની કબુલાત કરેલ છે. જેથી આરોપીઓ તથા મુદ્દામાલ પાલડી પો.સ્ટે.ને સોપવા તજવીજ કરવામાં આવેલ છે. આ કામે બાકી રહેલ આરોપી ગૌતમ મોગજી પટેલ રહે : ગામ જલારા તા.સલુંબર જી.ઉદેપુર રાજસ્થાન જે પકડાયેલ આરોપી મુકેશના ગામનો હોય જેની શોધખોળ ચાલુમાં છે.

આ કામે પકડાયેલ આરોપી મુકેશ ગોતાજી પટેલ નાનો નજીકની સોસાયટીમાં ઘરઘાટી તરીકે કામ કરતો હોય જેથી સદર મકાને અવાર-નવાર આવતો જતો હોય અને મકાનની ભૌગોલીક પરીસ્થિતીથી સારીરીતે વાકેફ હોય અને મકાન માલીક વિદેશ પ્રવાસે ગયેલા હોવાની પણ વિગત સારી રીતે જાણતો હોવાથી આ ચોરીના બનાવને અંજામ આપેલ હોવાની વિગતો તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે.



: અમરાઇવાડી પોલીસ સ્ટેસન

પ્રોહિબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૪૭૨/૨૦૧૮ તા.૧૯.૦૬.૨૦૧૮ ના પાસા અટકાયતી આકાશ @ સોનુ મહેન્દ્રભાઇ પરીહાર ઉ.વ.૨૨ રહે, મ.નં.૩ બાબુલાલની ચાલી જૈન મંદીરની બાજુમાં અમરાઇવાડી અમદાવાદ શહેર ના વિરૂધ્ધ અમદાવાદ શહેર ના અમરાઇવાડી પો.સ્ટે પ્રોહિ.ગુ.ર.નં.૫૦૧૨/૧૮ તથા અમરાઇવાડી પો.સ્ટે પ્રોહિ.ગુ.ર.નં ૫૧૮૪/૧૮ મુજબના દાખલ થયેલ પ્રોહિબીશનના ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

: અમરાઇવાડી પોલીસ સ્ટેસન

પ્રોહિ બુટલેગરની શરીર સબંધી ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૪૬૯/૨૦૧૮ તા.૧૬.૦૬.૨૦૧૮ ના પાસા અટકાયતી રાજપાલ @ લાલી વિશ્વનાથસિંહ ચૌહાણ ઉ.વ.૩૩ રહે, અમરસિંહ રમકડાવાળાની ચાલી રામનગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ શહેર ના વિરૂધ્ધ અમદાવાદ શહેર ના અમરાઇવાડી પો.સ્ટે ફ.ગુ.ર.નં.૬૮/૧૭ તથા અમરાઇવાડી પો.સ્ટે ફ.ગુ.ર.નં ૯૦/૧૮ મુજબના દાખલ થયેલ લૂંટ તેમજ શરીર સબંધી ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**સુરક્ષા સેતુ રથ :**

"દાણીલીમડા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "દાણીલીમડા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.